# કાગડાભાઈની ટોપી

— રમેશ ત્રિવેદી

એક હતો કાગડો.

કાગડા પાસે ટોપી હતી.

ટોપી કોની હતી ? ક્યાંથી એને મળી હતી ? કેવી હતી એ ટોપી ?....આવી કશી જ ગતાગમ કાગડાને નહીં. કાગડો તો માથે ટોપી પહેરીને અહીંથી તહીં ઊડયા કરે. કા...કા...કા...કા...આ...આ...કરે, એને એમ કે મારી કાગારોળ કોઈ સાંભળે. મારી સામે જુએ ને મને પૂછે : કેમ કાગડાભાઈ, મજામાં? વાહ આવી મજાની ટોપી તમને ક્યાંથી મળી ?

કાગડો બધે જ ચક્કર લગાવે. ઘડીકમાં આકાશમાં ઊડે તો ઘડીકમાં લીમડા, આમલી ને આસોપાલવ પર જઈ બેસે. ત્યાંથી વળી ઊડે તો કોઈ ઘરના ધાબા પર કે મોભ પર જઈ બેસે. કા...આ....કા....આ....કરી સૌનું ધ્યાન ખેંચે પણ કોઈ કહેતાં કોઈ એની ટોપી સામે જુએ સુધ્ધાં નહીં. કાગડો તો કંટાળ્યો. એ એક ઘરમાંથી કોઈ આવશે ને એને જોશે. એની મજાની ટોપીને જોશે ને પછી 'કાગડાની ટોપી, કાગડાની ટોપી' એમ કહી બૂમ મારશે, ને ઘર આખાને ભેગું કરશે. પણ બન્યું એવું કે બારીએ એક ડોશી આવ્યાં. એમણે તો રોટલીનો ટુકડો એની તરફ ફેંક્યો, પણ એ આંખે ઓછું ભાળતાં હોય કે ગમે તે હોય એમણે પણ ટોપી સામે તો જોયું જ નહીં !......

કાગડો તો રોટલીનો કટકો લઈને ઊડયો. ઊડતો.....ઊડતો.....એ એક વાડીમાં પહોંચી ગયો.

વાડીમાં પટેલ, પટલાણી ને બે ચાર છોકરાં કામ કરે. કાગડાએ કા....આ....કા....આ....આ....કરી રાગોડવા માંડયું. પટેલ કામ કરીને થાક્યા હશે એ છોકરાંને કીધું, 'લ્યાં છોરાં, પેલા હાડિયાને ઊડાડો ને.....માથું પકવી મૂક્યું હારાએ.....'છોકરાંતો માટીનાં ઢેફાં ને કાંકરા લઈને કાગડા તરફ ફેંકવા મંડી પડયા. એમાંનાં કોઈએ પણ કાગડાની ટોપી માટે એક હરફેય કહ્યો નહીં, એટલે કાગડો તો મનમાં દુઃખી થતો ઊડી ગયો વાડીમાંથી. એને ભારે ગુસ્સોય આવ્યો. એ કહે, 'લોક હારું આંધળું થયું લાગે છે....આવડી મોટી ટોપીય નહીં દેખાતી હોય એમને !! કાગડાભાઈ તો ઊડતા ઊડતા વગડે આવી પહોંચ્યાં. વગડામાં એમને મોર સામે મળ્યો.

કળા કરેલા મોરને જોઈને એ કહે : 'અરે ! વાહ મોરભાઈ, શું તમારાં પીંછાં! શું તમારી કલગી ! બધાં જ પંખીઓ તમારી આગળ પાણી ભરે હોં !....'

કાગડાના મનમાં થયું : હું મોરભાઈનાં વખાણ કરી એમને ફુલાવું તો એ પણ મારી ટોપીનાં વખાણ કરે !

પણ મોર તો ભારે મીંઢો, એક શબ્દ ય બોલે નહીં ને ટેહૂક કરતો ઊડયો, ને ઊડયો એવો એક ઝાડની ઘટામાં સંતાઈ ગયો.

કાગડાએ પણ સામે કા....આ...આ...કા...આ...આ...કરી પોતાનો ગુસ્સો બતાવ્યો ને પછી ઊડયો. એ જઈ બેઠો આંબાની ડાળે. એને ગાવાનું મન થઈ ગયું, એ ગાવા લાગ્યો :

આંબા ડાળે ટોપી રે,

સરવર પર ટોપી રે,

હીરે ભરેલી ટોપી રે,

મોતી મઢેલી ટોપી રે !



કાગડાનું માથું દુઃખાડે એવું ગીત સાંભળી કોયલ કંટાળી ગઈ. આંબાની ઘટાદાર ડાળીઓ વચ્ચે એ સંતાઈને બેઠી હતી. એણે બહાર આવી કાગડા સામે જોયું. કાગડાને થયું : હમણાં કાં તો કોયલબહેન એની ટોપીનું ગીત સાંભળીને વખાણ કરશે, એ કહેશે : વાહ ! શું તમારું ગીત ! શું તમારી ટોપી !!

કાગડાભાઈએ કાન સરવા કર્યા, એ કોયલ સામે આતુરતાથી જોઈ રહ્યા. પણ કોયલ પણ મોર જેવી મીંઢી નીકળી....ટોપી માટે એક શબ્દ કહ્યો નહીં ને ઊલટાની કૂહુ.....કૂહુ.....કરતી ઊડી ગઈ !.....

કાગડાભાઈ તો બરાબરના કંટાળી ગયા. માથેથી ટોપી ઉતારી નાખી, એને સરોવરના પાણીમાં ફેંકી દેવા તૈયાર થઈ ગયા. ને પછી કોણ જાણે કેમ વિચાર બદલી નાખ્યો. ટોપી ફરી પહેરી લીધી. થોડીક વારમાં જ પતંગિયું ઊડતું ઊડતું આવ્યું. પતંગિયાને જોઈ કાગડાભાઈ બોલ્યા : પતંગિયાભાઈ, પતંગિયાભાઈ ! તમને મારી ટોપી કેવી લાગે છે ? પતંગિયું અચરજથી ટોપી સામે જોઈ રહ્યું. એ કશું જ બોલ્યું નહીં. ચૂપચાપ ટોપી સામે જોઈ રહ્યું. એ ઊડયું, ઊડીને ટોપી બેઠું એને પર બેઠેલું જોઈ

કાગડાભાઈ તો રંગમાં આવી ગયા. એ કહે : વાહ ભૈ વાહ મારી ટોપી પર પતંગિયું ! અરે ! કેવાં ગલગલિયાં થાય છે મને !

થોડી વારમાં પતંગિયું તો પાછું ઊડી ગયું.

કાગડાભાઈ મોજમાં આવી ગયા. એ કહે : 'ભલેને થોડી વાર તો થોડી વાર પણ પતંગિયું મારી ટોપી પર તો બેઠું ને !.....ભલેને એ કશું જ બોલ્યું નહીં પણ એને મારી ટોપી તો ગમીને !!

કાગડાભાઈ હોંશભેર ગાવા લાગ્યા :

આંબાડાળે ટોપી રે,

સરવર પાળે ટોપી રે !

હીરે ભરેલી ટોપી રે,

મોતી ભરેલી ટોપી રે !

■